# 18. વન્યજીવન

## સ્વાધ્યાય

1. નીચેના સવાલોના જવાબ માગ્યા મુજબ આપો :

### 1) ભારતના પ્રાણી-ભૌગોલિક પ્રદેશોની યાદી આપો.

- ભારતાના પ્રાણી ભૌગોલિક પ્રદેશો કુલ નવ નીચે મુજબ છે.
- હિમાચલપ્રદેશ, 2. લડાખ અને શુષ્ક શીત ક્ષેત્ર, 3. હિમાલયનું વાચ્છાદિત નીચલું ક્ષેત્ર, 4. હિમાલયનાં વનસ્પતિવિહીન ઊંચાં ક્ષેત્રો, 5. ઉતરનું મેદાન, 6. રાજસ્થાનાનો રણપ્રદેશ, 7. દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશો, 8. સમુદ્ર કિનારો અને 9. નીલગિરિના પહાડીઓ.

### 2) વન્યજીવો આજે સંકટમાં છે. - આ વિધાન સમજવો.

- વન્યજીવોનું જીવન વિવિધ કારણોસર સંકટમાં મુકાયુ છે.
- વન્ય જીવોનાં કુદરતી રહેઠાણ એવાં જંગલોનો મોટા પાયે વિનાશ થઈ રહ્યો છે. વધતી જતી માનવવસ્તિ, મોટા થઈ રહેલા શહેરો, લાકડાંની વધતી જતી માંગ વગેરેના લીધે જંગલોમાં ગેરકાયદે વૃક્ષો કાપવાની પ્રવૃત્તિ વધી ગઈ છે.તેની સેધી અસર વન્ય જીવો પર થઈ છે. રહેઠાણ ગુમાવવાથી પ્રાણીઓની કેટલીક પ્રજાતિઓ અમુક વિસ્તારોમાંથી નામશેષ થવા લાગી છે.
- ઘણી વાર ખેડુતો પોતાના પાકના સંરક્ષણ માટે પ્રતિબંધિત જંતુનાશક દવાઓનો ઉપયોગ કરી વન્ય જીવોને મોતના મુખમાં ધકેલી દે છે.
- પોતાનાં પ્રાણીઓને સિંહ-દીપડાથી બચાવવા માટે માલધારીઓ ક્યારેક સિંહ-દિપડાને મારવા ઝેરનો ઉપયોગ કરે છે.
- પશુ-પક્ષીઓનાં માંસ, ચામડાં, હાડકાં, શિંગડાં, દાંત, પીંછા વગેરે મેળવવા માટે તેઓનો શિકાર કરવામાં આવે છે.
- વનવિસ્તારમાં વાહનોનો ઘોંઘાટ, પ્રદૂષણ, પ્રાણીઓ માટે તબીબી સેવાઓનો અભાવ, જંતુનાશક દવાઓનો વધુ પડતો ઉપયોગ વગેરે બાબતો વન્ય જીવો માટે જોખમરૂપ છે.
- દેશનો અનિયમિત વરસાદ અને માનવી દ્વારા થઈ રહેલા પાણીના વધુ ને વધુ ઉપયોગને કારણે જંગલો લુપ્ત થવા લાગ્યા છે. તેથી ઘણાં વન્ય જીવોને પીવાનું પાણી પણ પૂરતા પ્રમાણમાં મળતુ નથી.
- આવી ઘણી મુશ્કેલીઓને કારણે વન્ય જીવો આજે સંકટમાં છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

### 3) વન્યજીવ સંરક્ષન માટેની વિવિધ પરિયોજનાઓની વિગતો ટૂંકમાં આપો.

- વન્ય જીવ સંરક્ષણ માટેની મુખ્ય યોજનાઓ નીચે મુજબ છે .
- વાઘપરિયોજના (પ્રોજેક્ટટાઈગર) : દેશનારાષ્ટ્રીયપ્રાણીવાઘનીસંખ્યામાંથઈરહેલાઘટાડાનેતેમજવાઘનાથતાશિકારનેધ્યાનમાંલઈભારતસરકારેઈ.સ. 1973માં 'વાઘ પરિયોજન' કાર્યક્રમ શરૂ કર્યો છે.
- આ પરિયોજના 9 આરક્ષિત વિસ્તારો સાથે અમલમાં મૂકાઈ હતી, જે અંતર્ગત હાલમાં 48 વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે.
- સિંહપરિયોજના : પહેલાંએશિયાઈસિંહોએશિયાઉપમહાદ્વિપનાઈરાનનાંજંગલોમાંજોવામળતાહતા. પરંતુતેઓનોશિકારઅનેજંગલોનોવિનાશ થવાથી હાલમાં માત્ર તે સૌરાષ્ટ્ર દ્વીપકલ્પના ગીરનાં જંગલોમાં જ જોવા મળે છે. એક તબક્કે ગીરમાં સિંહોની સંખ્યા 100 થી પણ ઓછી થઈ ગઈ હતી. તેથી તેમના સંરક્ષણ અને સંવર્ધન માટે સરકારે ઈ.સ. 1972માં ગીરમાં 'સિંહ પરિયોજના' અમલમાં મૂકી.
- આ ઉપરાંત, ભારતમાં કશ્મીરી બારાસિંગા હરણની દુર્લભ પ્રજાતિ માટે 'હંગલ પરિયોજના' ખારા પાણીના મગરમચ્છ માટે 'મગરમચ્છ પરિયોઅજના' ભારતીય ગેંડા માટે'ગેંડા પરિયોજના' 'હિમદિપડા પરિયોજના' વગેરે પરિયોજના અમલમાં મૂકી છે.

## 2. નીચેના પ્રશ્નોના સવિસ્તર જવાબ આપો :

### 1) ભારતનું વન્યજીવ વૈવિધ્ય

- ભારતની ભુપૃષ્ઠ ઊંચા પર્વતો, વિશાળ નદીમેદાનો, દ્વીપકલ્પીય ઉચ્ચપ્રદેશ, દલદલીય પ્રદેશો, સમુદ્રકિનારા વગેરે વિવિધ સ્વરૂપોનું બનેલું છે.
- તેમાં આવેલાં ગીચ વર્ષાવનો, મોસમી જંગલો, કાંટાળા જંગલો, શંકુદ્રુમના જંગલો વગેરે કુદરતી વનસ્પતિના પ્રદેશોએ વન્ય જીવોના વસવાટ માટે વિસ્તૃત પાર્શ્વભૂમિકાની રચના કરી છે.
- તેથી દક્ષિણના દ્વિકલ્પીય વર્ષાવનોમાં એશિયાઈ હાથી, બ્રહ્મપુત્ર નદીનાં દલદલીય ક્ષેત્રોમાં એકશિંગી ભારતીય ગેંડા, હિમાલયનાં ઉંચાઈવાળાં ક્ષેત્રોમાં હિમદિપડા, જમ્મુ કશ્મીરમાં જંગલી બકરીઓ અને કસ્તૂરી મૃગ, દક્ષિણ ભારતનાં જંગલોમાં જંગલી ભેંસ, મધ્ય પ્રદેશ અને પશ્ચિમ બંગાળમાં વાઘ, કચ્છના નાના રણના ઘૂડખર અને કચ્છના મોટા રણનાં જલપ્લાવિત ક્ષેત્રોમાં સુરખાબ જોવા મળે છે.
- દેશના ઘાસભૂમિના વિસ્તારોમાં ઘોરાડ નામનાં મોટાં પક્ષી જોવા મળે છે.
- ભારતના જલપ્લાવિત ક્ષેત્રોમાં શિયાળા દરમિયાન ઠંડા પ્રદેશોમાંથી સાઈબીરિયન ક્રેન, પેલિકન, તિબેટીયન બતક, કુંજ કરકરા વગેરે યાયાવર જેવા વિવિધ પક્ષીઓ આવે છે.
- પશ્ચિમઘાટનાં ગીચ જંગલોમાં ઉડતી ખીસકોલીઓ જોવા મળે છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- નિકોબારી કબૂતર એ નિકોબાર ટાપુમાં જોવા મળતું દુર્લભ પક્ષી છે.
- કચ્છના અખાતમાં અને લક્ષ્યદ્વિપ ટાપુસમૂહમાં પરવાળાંની દુર્લભ પ્રજાતિઓ જોવા મળે છે.
- દેશમાં રાજનાગ, સાપ, અજગર, પાટલા ઘો વગેરે સરીસૃપોની વિવિધ જાતો જોવા મળે છે.
- દેશના સમુદ્રકિનારે અને અન્ય જળવિસ્તારોમાં વિવિધ માછલાં મળે છે, જેમાં ડૉલ્ફીન, શાર્ક, ડુડાંગ, ઑક્ટોપસ, વહેલ, મૅકરેલ, બુમલા, પોમફ્રેટ, હેરિંગ, સામન વગેરે મુખ્ય છે.
- દેશની કૃષિ-વિસ્તારો તેમજ ગોચર અને પડતર જમીનો પર શિયાળ, વરૂ, નીલગાય, હરણ, નોળિયાં, સસલાં, જંગલી સૂવર, શેળો, વગેરે પ્રાણીઓ જોવા મળે છે.
- ભારતમાં પક્ષીઓનું વૈવિધ્ય ઘણું છે. ભારતમાં રાષ્ટ્રીય પક્ષી મોર અતિ સુંદર છે. આ ઉપરાંત, કોયલ, પોપટ, સુઘરી, ઘુવડ, ચીબરી, પીળક,અ સમડી, કાબર, ઢોરબગલાં, બતક, બાજ, કાગડા, કબૂતર, ચકલી, વગેરે અનેક જાતનાં પક્ષીઓ ખૂબ મોટી સંખ્યામાં છે.

## 2) વન્યજીવ સંરક્ષણના ઉપાયો

- વન્ય જીવ સંરક્ષણ માટેના ઉપાયો નીચે મુજબ છે.
- જંગલોનું જતન કરી તેમનું ઉત્તરોત્તર સંવર્ધન કરવા માટે સરકારે લાંબા ગાળાનું આયોજન કરવું જોઈએ.
- જંગલો અને વન્ય જીવોના સંરક્ષણ માટે કડક કાયદા બનાવવા જોઈએ અને તેના પાલનમાટે બધા નાગરિકોએ તૈયાર તથા સહકાર આપવો જોઈએ.
- સમાજનાં સ્વૈચ્છિક સંગઠનોએ વન્ય જીવોના રક્ષણને પ્રાથમિકતા આપી તેના માટે જનજાગૃતિના કાર્યક્રમો કરવા જોઈએ.
- વન્ય જીવોના રક્ષણની સમસ્યાને શાળાના પાઠ્યક્રમોમાં કરવા જોઇએ.
- વન્ય જીવોના રક્ષણની સમસ્યાને શાળાના પાઠ્યક્રમોમાં સમાવીને ભાવિ નાગરિકોને તૈયાર કરવા જોઈએ.
- દેશની વિકાસ યોજનાઓ, ઉદ્યોગો, રહેઠાણો, કારખાનાં વગેરેનું આયોજન કરતાં પહેલાં પર્યાવરણ અને જીવસૃષ્ટિ પર થનારી સંભવિત અસરોનો અભ્યાસ કરવો જોઈએ.
- જંગલોમાં થતી ગેરકાયદેસર વૃક્ષછેદનની પ્રવૃત્તિ અટકાવવી જોઈએ. વૃક્ષોના પોલાણમાં પક્ષીઓ રહેતા હોય છે તેમજ વૃક્ષોની ડાળીઓ પર તે માળા બાંધે છે.
- યાયાવર અને જળાશ્રયી પક્ષીઓ માટે તળાવો, ખેત-તલાવડીઓ કે જલપ્લાવીત વિસ્તારોને જાળવવાં જોઈએ.
- ખેતરોમાં જંતૂનાશક દવાઓ વાપરવાને બદલે જૈવિક કીટનાશકોનો ઉપયોગ કરવો જોઈએ.
- વાતાવરણમાં પ્રદૂષણની માત્રા ઘટાડવાના પ્રયત્નો કરવા જોઈએ.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- જંગલમાં દવાનળ ન સળગે તેની પૂરતી તકેદારી રાખવી જોઈએ. એ માટે પેટ્રોલિંગ અને સાવચેતીનું આગોતરું આયોજન કરવું જોઈએ.

3. નીચેનામાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો :

**1) ભારતને કુલ કેટલા પ્રાણી-ભૌગોલિક પ્રદેશોમાં વહેંચવામાં આવ્યો છે ?**

(A) નવ

(B) ચાર

(C) છ

(D) આઠ

**2) સમગ્ર વિશ્વમાં જીવ સૃષ્ટિની કુલ કેટલી પ્રજાતિઓ નોંધાઈ છે ?**

(A) 72 લાખ

(B) 15 લાખ

(C) 18 લાખ

(D) 19 લાખ

**3) ઊડતી ખિસકોલીઓ ક્યાં જોવા મળે છે ?**

(A) કચ્છના મોટા રણમાં

(B) હિમાલયના ઊંચા પર્વતીય વિસ્તારોમાં

(C) દલદલના વિસ્તારોમાં

(D) પશ્ચિમઘાટનાં ગીચ વનોમાં

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**4) વિજયનગર તાલુકાના પર્વતીય વિસ્તારોમાં ભાગ્યેજ દેખાતું પક્ષી કયું છે ?**

(A) સુરખાબ

(B) ચિલોત્રો

(C) ઘોરાડ

(D) પોપટ

**5) દુર્લભ પરવાળાની પ્રજાતિઓ..........**

(A) વેળાવદર

(B) નળસરોવર

(C) લક્ષ્યદ્વીપ ટાપુસમૂહ

(D) ગીર અભયારણ્ય

**(6) ઘોરાડ ક્યા વિસ્તારોમાં જોવા મળે ?**

(A) વેટલેન્ડ

(B) પર્વતીય ક્ષેત્રો

(C) દલદલનાં ક્ષેત્રો

(D) ઘાસભૂમિના વિસ્તારો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in